ઉંચા નીચા ભેદ ન જાણું, સૌને ચાહું સમાન, સૌને આવું હું ખપમાં મુજ કાયા વજ્ર સમાન, એવું શરીરનું બળ આપ

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૪૬ ૧૪ નવેમ્બર, ૨૦૨૦, શનિવાર; નિ. આસો વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦






# સરહદે ભારતનો પાકિસ્તાનને જડબાતોડ જવાબ

## કાશ્મીર સરહદે વળતી કાર્યવાહીમાં ભારત દ્વારા પાકના ૮ સૈનિકો ઠાર : સંઘર્ષ વિરામનો ભંગ કરતા પાકિસ્તાને કરેલા ગોળીબારમાં ત્રણ ભારતીય જવાન અને ત્રણ નાગરિકોનાં મોત થયાં : ભારતે પાકના બંકરો ફૂંકી દીધા

શ્રીનગર, તા. ૧૩ દિવાળીના તહેવાર ટાણેં જ પાકિસ્તાને સરહદે પોત પ્રકાશ્યું છે. આજે લાઈન ઓફ કંટ્રોલ પર જુદી જુદી ઠેકાણે કરેલા સંઘર્ષ વિરામના ઉલ્લંઘનમાં ભારતના ૩ જવાનો શહીદ થયા છે અને ૩ નિર્દોષ નાગરિકોના મોત નિપજ્યા છે. ભારતીય સેનાએ તત્કાળ બદલો લીધો હતો.

ભારતીય સેનાએ પણ તત્કાળ બદલો લીધો હતો. ભારતીય સેનાના સૂત્રોના જણાવ્યા પ્રમાણે સેના દ્વારા કરવામાં આવેલી તત્કાળ વળતી કાર્યવાહીમાં પાકિસ્તાનના ૮ સૈનિકોને ઠાર માર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# વડાપ્રધાન જેસલમેર સરહદે જવાનો સાથે દિવાળી ઉજવશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે ચીફ ઓફ ડિફેન્સ બિપિન રાવત અને સેના પ્રમુખ એમ નરવણે પણ હાજર રહેશે

નવી દિલ્હી, તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષની જેમ આ વર્ષે પણ જવાનો સાથે દિવાળીની ઉજવણી કરશે. આ વર્ષે તેઓ જેસલમેર સરહદે ભારતીય સેનાના જવાનો સાથે દિવાળીની ઉજવણી કરશે અને તેમનો ઉત્સાહ વધારશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન સાથે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવત અને સેના પ્રમુખ એમ. એમ. નરવણે પણ ઉપસ્થિત રહેશે.

નોંધનીય છે કે, છેલ્લા કેટલાક મહિનાથી લદાખમાં ભારત અને ચીનની સેના વચ્ચે તણાવની સ્થિતિ ચાલી રહી છે. આવામાં પીએમ મોદીની જવાનો સાથે દિવાળી ઉજવણી સરહદના જવાનોમાં જરૂર ઉત્સાહ વધારશે.

અગાઉની ૨૦૧૮માં વડાપ્રધાન મોદીએ ઉત્તરાખંડની સરહદે જવાનો સાથે દિવાળી મનાવી હતી. ૨૦૧૮માં મોદી જમ્મુ-કાશ્મીરના ગુરેજ સેક્ટરમાં સ્થિત પોસ્ટ પર ગયા હતા અને ત્યાં દિવાળી મનાવી હતી.
















